પ્રેસનોટ.

ખુનની કોશિષના ગુનામાં સંડોવાયેલ આરોપીને ગણતરીના કલાકોમાં ગુનામાં વપરાયેલ વાહન તથા હથિયાર સાથે પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

# પ્રેસનોટ

અત્રેના ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈકાલ તા.- ૨૧/૧૦/૨૦૧૯ ના રોજ ઓઢવ રબારી વસાહત કરશનનગર ગેટ નંબર-૧૦, નવી બનતી પાણીની ટાંકી પાસે અત્રેના ઓઢવ વિસ્તારમાં કુષ્ણકુંજ શોપીંગ સેન્ટરમાં કુંવરબા જનરલ હોસ્પિટલ ધરાવી મેડીકલ પ્રેકટીસ કરતા ડો. મુકેશભાઇ રણછોડભાઇ પ્રજાપતિ ઉપર ફાયરીંગ થયા અંગેનો બનાવ બનેલ જેમાં તેઓ ઈજાગ્રસ્ત થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રખિયાલ નારાયણા હોસ્પિટલ ખાતે સારવાર માંટે ગયેલા.

બનાવ અનુસંધાને રખિયાલ નારાયણા હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ ઈજાગ્રસ્ત ડો. મુકેશભાઇ રણછોડભાઇ પ્રજાપતિ ઉ.વ.-૪૭ ધંધો- મેડીકલ પ્રેકટીસ, રહે- મ.નં.-એ/૦૧, આલોક વિભાગ-૩ બંગ્લોઝ, વસ્ત્રાલ ચોપાટી સામે, વસ્ત્રાલ, અમદાવાદ શહેર નાઓને મળતા સભાન હાલતમાં સારવાર હેઠળ મળતા પૂછપરછ કરતા પોતાના ડાબા હાથના બાવડાના ભાગે ગોળી(બુલેટ) વાગેલાનું જણાવેલ. બનાવ સબંધે વિગતે પુછપરછ કરતા તેઓ બી.એ.એમ.એસ. ની ડીગ્રી ધરાવતા હોય તેઓની કુંવરબા જનરલ હોસ્પિટલમાં જુદી જુદી ફેકલ્ટીના ડોકટરો વિઝીટીંગ ડોકટર તરીકે છેલ્લા ત્રણેક વર્ષથી સેવાઓ આપે છે. ગત ઓગસ્ટ/૨૦૧૮ માં એક વિપુલભાઇ વિષ્ણુંભાઇ વ્યાસ કે જે પોતાની હોસ્પિટલની નજીક જ રહેતો હોય તે પોતાની પત્ની રૂપલબેન ની ડીલેવરી અર્થે પોતાની હોસ્પિટલમાં લાવતા વિઝીટીંગ ડોક્ટર સફલતાબેન ગુપ્તા નાઓએ વિપુલભાઈની મંજુરી મેળવી રૂપલબેન નું સફળ સીઝેરીયન ઓપરેશન કરી બાળકને જન્મ અપાવેલ પરંતુ રૂપલબને ની તબિયત ખરાબ થતા સીવીલ હોસ્પિટલ ખાતેની વધું સારવાર દરમ્યાન મરણ ગયેલ જેથી આ મરણ જનારના પતિ વિપુલભાઇ તથા તેમના સગા વહાલાઓએ “ઓપરેશન દરમ્યાન દાખવેલ બેદરકારીના કારણે પોતાની પત્ની રૂપલબેન નું મોત થયેલ” હોવા અંગે પોતાના ઉપર આક્ષેપો કરી મનદુખ અને અદાવત રાખી તા.-૨૧/૧૦/૨૦૧૯ ના રોજ પોતાના બેંકના કામ અર્થે પોતાની જ્યુપીટર મોપેડ બાઇક ઉપર બપોરના સાડા બારેક વાગ્યે કરશનનગર રબારી વસાહત ગેટ નંબર-૧૦ નવી બનતી પાણીની ટાંકી પાસે પસાર થતા હતા ત્યારે પોતાના મોબાઇલમાં રીંગ વાગતા તે ફોન જોવા જતા દરમ્યાન અચાનક ધડાકો થયેલ અને પોતાના ડાબા હાથના બાવડાના ભાગે ઈજા થયેલાનું જણાયેલ અને આજ વખતે બુલેટ ઉપર વિપુલ વ્યાસ નાએ તેઓને ઓવરટેક કરેલ અને તેઓએ જોયેલ તો તે વિપુલભાઇ વ્યાસના હાથમાં નાની ગન જણાયેલ. દરમ્યાન આજુબાજુના લોકો ભેગા થઈ જતા ૧૦૮ એમબ્યુલન્સ બોલાવી પોતાના દીકરા સાથે સારવાર માંટે આવેલ હોવાનું જણાવેલ જેથી આ વિપુલભાઇ વ્યાસ નાએ પોતાની પત્ની રૂપલબેન ના મોત અંગે મનદુખ અને અદાવત રાખી પોતાને જાનથી મારી નાખવાના ઈરાદે તેની પાસેની ગનથી એક ગોળી મારી પોતાના ડાબા હાથના બાવડાના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી નાસી ગયેલ હોવા મતલબેની ફરીયાદ જાહેર કરતા તેઓના જણાવ્યા મુજબ ઓઢવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.- ૧૫૬/૧૯ ઈપીકો કલમ- કલમ-૩૦૭ તથા આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧-બી)(એ), ૨૭ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ છે. ઈજા પામનાર ફરીયાદી હાલ શુભમ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ સંપુર્ણ સભાન અવસ્થામા છે.

આ કામનો આરોપી ગુનો કર્યા બાદ નાસી ગયેલ જે આરોપીને શોધી કાઢવા તેમજ ગુનામા વપરાયેલ હથિયાર (ગન) અને વાહન રીકવર કરવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી

Scanned by CamScanner

એ.કે.સિંઘ સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી રવિ તેજા વાસમશેટ્ટી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીઝન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓ તરફથી સુચનાઓ મળેલ હતી. જેથી અમોએ તાબાના સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રી એસ.જે.ચૌહાણ તથા સર્વેલન્સ સ્ટાફના માણસોની જુદી જુદી ટીમો બનાવી આરોપી વિપુલભાઇ વ્યાસની શોધખોળ હાથ ધરેલી. દરમ્યાન આજરોજ તા.- ૨૨/૧૦/૨૦૧૯ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રી એસ.જે.ચૌહાણ તથા લોકરક્ષક કેતનકુમાર મેઘજીભાઇ બ.નં.-૧૨૭૩૬ નાઓને સંયુક્ત રીતે મળેલ બાતમી હકીકત આધારે આ ગુનાના આરોપી વિપુલભાઇ સ/ઓ વિષ્ણૂંભાઇ ભાઇલાલભાઇ વ્યાસ ઉ.વ.-૨૯ ધંધો- વેપાર રહે-મ.નં.-૯૩૦, મહેશ્વરી સોસાયટી, તક્ષશીલા સ્કુલની બાજુમા, ઓઢવ, અમદાવાદ શહેર મુળ વતન ગામ- લીયાદ તા.-લીંબડી, જિ.-સુરેન્દ્રનગર નાને એમ.પી. તરફ ભાગતીવખતે સીંગરવા વી.કે.પેટ્રોલપંપ રોડ ઉપરથી આ ગુનામાં વપરાયેલ વાહન બુલેટ જીજે-૦૧-એમ.પી.-૬૯૪૪ તથા આરોપીએ ગુનામાં વાપરેલ દેશી બનાવટની નાની ગન માવજર ૯ એમ.એમ. તથા ૧ જીવતા કારતુસ સાથે ગુનો દાખલ થયાના ગણતરીના કલાકોમાં પકડી પાડી આ ગુનામાં તા.- ૨૨/૧૦/૨૦૧૯ ના ક.- ૧૫/૦૦ વગયે અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**<u>આ ગુનો કરવાનો હેતું:-</u>**

આરોપી વિપુલ વ્યાસ ની પત્ની રૂપલબેનની ગયા વર્ષે ફરીયાદીના ક્લીનિક ઉપર ડીલેવરી થયેલી સારવાર દરમ્યાન તબિયત બગડતા ફરીયાદી ડોકટરે પોતાની પરીચિત સ્પંદન હોસ્પિટલમાં આરોપીની પત્નીને રીફર કરેલી છતા વધું તબિયત બગડતા સીવીલ હોસ્પિટલ ખાતેની સારવાર દરમ્યાન આરોપીની પત્નીનું મોત થયેલું તેમજ ફરીયાદી ડોકટરે આરોપી પાસેથી ૬.૫૦ લાખ રૂપિયા સારવાર પેટે લીધેલ હોય છતા આરોપીની પત્નીનું મોત થતા તે બાબતની અદાવત રાખી આ ગુનો આચરેલ છે.

**<u>કબ્જે લીધેલ મુદ્દામાલ:-</u>**

(૧) ગુનામાં વાપરેલ દેશી બનાવટની માવજર ૯ એમ.એમ. ગન કિ.રૂ.- ૧૭,૦૦૦/-

(૨) જીવતો કારટીસ-૧

(૩) ગુનામાં વાપરેલ રોયલ એનફીલ્ડ બુલેટ- જીજે-૦૧-એમ.પી.-૬૯૪૪ કિ.રૂ.- ૫૦,૦૦૦/-

(૪) ગુનાવાળી જગ્યાએથી મળેલ ફુટેલી કારટીસ

**<u>આરોપીનો ગુનાહીત પુર્વ ઈતિહાસ:-</u>**

(૧) પાંચ વર્ષ પહેલા આનંદનગર પોલીસ સ્ટેશનમાં ગાયો લઈ જતા કસાઇના ખુનનો ગુનો નોંધાયેલ છે.

(૨) ૬ વર્ષ પહેલા મહેમદાબાદ પોલીસ સ્ટેશનમાં લુંટનો ઈપીકો-૩૯૫ મુજબનો

(૩) ૫ વર્ષ પહેલા આણંદ ટાઉન પો.સ્ટે.માં મારામારી ઈપીકો-૩૨૩ મુજબનો

(૪) ૩-૪ વર્ષ પહેલા પાળીયાદ પો.સ્ટે.માં અપહરણ ઈપીકો-૩૬૫ મુજબનો ગુનો નોંધાયેલ છે.

**<u>હથિયાર ની વિગત</u>** :- આરોપીએ આ ગુનામાં વાપરેલ હથિયાર આજથી છ મહીના પહેલા એમ.પી. અલીરાજપુર જિલ્લામાં આવેલ કુકશી ગામેથી એક સરદાર સમાજના ઇસમ પાસેથી રૂ.- ૧૭,૦૦૦/- માં દેશી બનાવટની ૯ એમ.એમ. માવજર ગન ખરીદેલ જે હથિયાર પુરૂ પાડનારની તપાસની તજવીજ ચાલું છે.

Scanned by CamScanner